અપીલ અરજી નં.૩૬૩ તા.૨૫–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૧–૧૧ની અરજીથી માહિતીનો કાયદો અમલ થયા બાદમાં માહિતી માંગનારને સમયમર્યાદામાં માહિતી નહિં પુરી પડાઈ હોય અને પ્રથમ અપીલ રજૂ થયા બાદ અપીલ અધિકારીના હુકમ મુજબ વિના મુલ્યે માહિતી પુરી પડાઈ હોય તેવી માહિતી જેટલા પાનામાં પુરી પડાઈ હોય તે પાનાની સંખ્યા અને જા.મા.અધિ. ના નામ હોદ્દા સહિતની તમામ ઝોનની સંપુર્ણ માહિતી. પ્રથમ અપીલ અધિકારીના હુકમથી માહિતી માંગનાર અરજદારને વિના મુલ્યે દિન–૭માં માહિતી પુરી પાડવાના હુકમોની વિગતો અપીલ અધિકારીઓના નામો તેમજ હુકમ થયા બાદ પણ આજ સુધી માહિતી પુરી પડાઈ ન હોય તેની સંપુર્ણ વિગતો સહિતની તમામ ઝોનની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૫–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૩/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૧–૧૧ની અરજીથી માહિતીનો કાયદો અમલ થયા બાદમાં માહિતી માંગનારને સમયમર્યાદામાં માહિતી નહિં પુરી પડાઈ હોય અને પ્રથમ અપીલ રજૂ થયા બાદ અપીલ અધિકારીના હુકમ મુજબ વિના મુલ્યે માહિતી પુરી પડાઈ હોય તેવી માહિતી જેટલા પાનામાં પુરી પડાઈ હોય તે પાનાની સંખ્યા અને જા.મા.અધિ. ના નામ હોદ્દા સહિતની તમામ ઝોનની સંપુર્ણ માહિતી. પ્રથમ અપીલ અધિકારીના હુકમથી માહિતી માંગનાર અરજદારને વિના મુલ્યે દિન–૭માં માહિતી પુરી પાડવાના હુકમોની વિગતો અપીલ અધિકારીઓના નામો તેમજ હુકમ થયા બાદ પણ આજ સુધી માહિતી પુરી પડાઈ ન હોય તેની સંપુર્ણ વિગતો સહિતની તમામ ઝોનની માહિતી આપવા બાબતે કોઈ માહિતી કે નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૭ તા.૫–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને અપીલ અરજીમાં અપીલના મુદ્દા નં.ર થી ૪ અંગે આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.ન.૮૨૬ તા.૧૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૭૯ તા.૫–૧–૧૧ થી તમામઝોનને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૮૦ તા.૨૭–૧–૧૧ થી આસી. નોડલ ઓફિસર આરટીઆઈ સેલને તબદીલ કરેલ પત્રની નકલ તથા વેસ્ટઝોન તરફથી અરજદારને પૂરી પાડેલ પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૨૦ તા.૪–૨–૧૧ ના પત્રની નકલ તથા પત્રકની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૫૯ તા.૧૫–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તા.૫–૧–૧૧ ના રોજ તબદીલ થયેલ પત્રની નકલ, પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૫૯ તા.૧–૨–૧૧ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૪૩૮ તા.૨૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૭૯ તા.૫–૧–૧૧ થી તબદીલ થયેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી સા.વે.ઝોન/આરટીઆઈ/૧૧૯૭ તા.૧૩–૧–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને નોડલ ઓફિસર આરટીઆઈને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૧૪૨૮ તા.૨૧–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી કોઈ વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મ્યુ. કમિ. કચેરી મુગલીસરા ખાતે કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૭૯ તા.૫–૧–૧૧ થી તમામઝોન કાર્યપાલક ઈજનેરને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન, ઈ.ચા. ડે.કમિ. રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૨૦ તા.૪–૨–૧૧ થી, એડી.સીટી ઈજનેર વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૬૫૯ તા.૧–૨–૧૧ થી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/૧૧૯૭ તા.૧૩–૧–૧૧ થી મળેલ નિર્ણયથી નારાજ થઈ તા.૨૫–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલના કારણોમાં અપીલના મુદ્દા નં.૧ ની કોઈ માહિતી કે નિર્ણય ન મળવાથી અપીલના મુદ્દા નં.ર પત્ર નં.૭૨૦ થી જણાવ્યા મુજબનું કોઈ પત્રક સામેલ ન હોઈ તદ્દન ખોટા જવાબથી અપીલના મુદ્દા નં.૩ ના પત્ર નં.૬૫૯ થી જણાવ્યા મુજબ અનેક અપીલો થઈ હોવા છતાં બંને મુદ્દામાં રેકર્ડ ઉપર કંઈ પણ ઉપલબ્ધ ન હોવાથી અને અપીલના મુદ્દા નં.૪ ૧૧૯૭ ધ્વારા માહિતી પૂરી પાડવા જણાવેલ છતાં આપવી જોઈતી માહિતી ન આપવાથી તેમજ અનુક્રમ નં.૧ માં જણાવ્યા મુજબના જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ નિષ્ક્રિયતા અને બેજવાબદારી બદલ કાર્યવાહી કરવા તથા મુદ્દા નં.ર થી ૪ માં જણાવેલ જાહેર માહિતી અધિકારીઓને માહિતી પૂરી પાડવાની દાદ માંગવામાં આવેલ છે.

અરજદારના અપીલના મુદ્દા નં.૧ માં કોઈ માહિતી કે નિર્ણય ન મળવાનો અપીલના કારણ અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ નિર્ણય મળેલ હોવાનું જણાતું નથી. અરજદારના અપીલના મુદ્દા નં.ર માં ૭૨૦ તા.૪–ર–૧૧ ના કોઈ પત્રક સામેલ ન હોવાનું અને તદ્દન ખોટા જવાબની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અત્રે આપેલ પૂરક વિગતોમાં વેસ્ટઝોનના આરટીઆઈ સેલ વિભાગની " અપીલ સંદર્ભે વિના મૂલ્યે માહિતી પૂરી પાડયા અંગેની ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી " તેવું પત્રક રજૂ કરેલ છે. તેથી ખોટી માહિતી આપ્યાનો અરજદારના દાવાને સમર્થન મળતું નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને સમય અવધિ બાદ પાના દીઠ રૂા.ર/– લેખે નકલ મેળવવાનું જણાવેલ છે જે આરટીઆઈ ના કાયદા સાથે સુસંગત નથી તેથી અરજદારને તે પત્રક આરટીઆઈની કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવાનું રહે. અપીલના મુદ્દા નં.૩ માં અરજદારે વરાછાના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૫૯ તા.૧–ર–૧૧ થી અપીલો થઈ હોવા છતાં રેકર્ડ ઉપર કંઈ પણ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જે અંગે અરજદારના દાવાને જોતાં જાહેર માહિતી અધિકારીએ તે અંગેના લાગત દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડવાનું રહે. અપીલના મુદ્દા નં.૪ માં પત્ર નં.૧૧૯૭ ધ્વારા માહિતી પૂરી પાડવા જણાવેલ છતાં માહિતી નહી પૂરી પાડયા બાબતે આંશિક અરજી સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૯૭ તા.૧૩–૧–૧૧ થી તબદીલ કરેલ છે. જયારે આંશિક મુદ્દા નં. અંગે અરજદારને માહિતીની કાયદાની શરૂઆતની તા.૩૧–૧ર–૧૦ સુધીના સમયગાળા દરમ્યાન અરજદારને વિના મૂલ્યે દિન–૭ માં માહિતી પૂરી પાડવા અંગે અલાયદું રજીસ્ટર નિભાવવામાં આવતું નથી. – અન્વયે ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતીનો કાયદો અમલ થયા બાદમાં માહિતી માંગનાર સમય મર્યાદામાં માહિતી નહીં પૂરી પડાઈ હોય અને પ્રથમ અપીલ રજૂ થયા બાદ અપીલ અધિકારીના હુકમ મુજબ વિના મૂલ્યે માહિતી પૂરી પડાઈ હોય તેવી માહિતીના પાનાની કુલ સંખ્યા ૧૪૭ થાયછે. જયારે જાહેર માહિતી અધિકારીના નામ, હોદ્દા તથા પાનાની સંખ્યાની માહિતી અંગેનું વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે– અન્વયે હુકમો મુજબ અત્રે અરજદારને વિના મૂલ્યે નકલો પૂરી પાડવાનો આદેશ દફતરી રેકર્ડ ચકાસતાં જણાયેલ નથી. હુકમ મુજબ પત્ર ધ્વારા જરૂરી આંકડાકીય માહિતીઓ પૂરી પાડેલ છે. –અન્વયે હુકમ થયા બાદ આજ સુધી માહિતી પૂરી પડાઈ ન હોય તેવી માહિતી સા.વે.ઝોન અઠવા વિભાગની નીલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.અન્યથા તે બાબતની હકીકતલક્ષી વિગતો પૂરી પાડવની રહે. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૯૭ તા.૧૩–૧–૧૧ થી અને રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૮૦ તા.ર૭–૧–૧૧ થી આંશિક માહિતી માટે પર્સોનલ ઓફિસર અને આસી. નોડલ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે આરટીઆઈ સેલ/૧ર૦૫ તા.ર૪–૧–૧૧ થી અરજદારને અપીલોના હુકમો અંગે માહિતી પૂરી પાડવામાં છે. આથી અપીલો અંગે વિવાદને કોઈ સ્થાન નથી. આરટીઆઈ એકટની કલમ–ર૫ મુજબ દરેક જાહેર માહિતી અધિકારીએ માહિતી માંગનારને સમય મર્યાદા બાદ વિલંબથી કે અપીલના હુકમ બાદ પૂરી પાડવામાં આવેલ માહિતીની વિગતો નિભાવવાની રહે છે. તે મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના કાર્યક્ષેત્ર પૂરતી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અપીલના મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નહીં પૂરી પડાયેલી અપીલના મુદ્દા નં.ર અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી માહિતી અંગેનું પત્રક અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા અનુક્રમે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, અને ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

અપીલના મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનનો આગોતરો સમય દિન–૭ માં મેળવી સમય મર્યાદામાં અરજદારના જવાબ ન મળવાના કારણોસર એક પણ અપીલ રેકર્ડ ઉપર નોંધાયેલ નથી તથા અપીલ અધિકારીના હુકમ થયા બાદ આજ દિન સુધીમાં એક પણ અરજદારને માહિતી પૂરી પડાઈ ન હોય તે બાબતની માહિતી વરાછાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી જે અંગે લાગત દફતરનું ઈન્સ્પેકશન મેળવી ઈચ્છે તે નકલો પણ અરજદાર મેળવી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ હુકમ મુજબ અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે. આ બાબતે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી અને દસ્તાવેજ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ બેદરકારી અને નિષ્ક્રિયતા બાબતેની કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–ર૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને છે તેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે .

(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ